# ગુજરાતનો મહાસંગ્રામ 2012

## વાત વાતમાંથી

- ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક રવિવારે નહિ હોવાથી બોર્ડનાં સભ્યોનાં નિવાસસ્થાનો પર પર કાર્યકરોના ટોળેટોળા ઉમટ્યા હતા.
- ગાંધીનગર મનપાના ભાજપી કોર્પોરેટરો કોંગ્રેસના સંપર્કમાં હોવાનો જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડૉ. સી.જે. ચાવડાનો દાવો.
- બંને પક્ષોનાં ઉમેદવારોની યાદી દિવાળી બાદ જાહેર થવાની હોવાથી ઘણા દાવેદારો હવે દિવાળીની ઉજવણીમાં વ્યસ્ત બની રહ્યા છે.
- સેકટર-૮ના વસાહતી અગ્રણી અને બ્રહ્મસમાજના હિતચિંતક મનોજભાઈ જોષીએ ગાંધીનગર (ઉત્તર) અને લુણાવાડા બેઠક પર ચૂંટણી લડવા ભાજપમાં દાવેદારી નોંધાવી છે.
- ગાંધીનગરના જાણીતા ઉદ્યોગપતિ અને ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રદેશ પ્રમુખ ભગવાનદાસ પંચાલે સામેથી ચૂંટણી લડવા સવિનય અનિચ્છા વ્યક્ત કરી છે.
- ગાંધીનગર પ્રજાપતિ સમાજના અગ્રણી જી.કે. પ્રજાપતિએ ભાજપમાં ગાંધીનગર ઉત્તરની બેઠક માટે દાવેદારી નોંધાવી છે.
- ગાંધીનગરના ભીમજીભાઈ પ્રજાપતિ ગુજરાત હિત પાર્ટીના ઉમેદવાર તરીકે ગાંધીનગર ઉત્તર અને ગાંધીનગર દક્ષિણ એમ બંને બેઠકો પર ચૂંટણી લડશે.

## ટિકિટ મેળવવા સુરત કાઉન્સિલર ઇચ્છુક છે

અમદાવાદ,તા. ૪

ગુજરાત વિધાનસભાની ચૂંટણી લડવા માટેની તૈયારીમાં કુશળ ઉમેદવારો તૈયારી કરી રહ્યા છે. આના માટે લોબી પણ ચલાવી રહ્યા છે. મળેલી માહિતી મુજબ સૂરત કાઉન્સિલરો પણ વિધાનસભાની ટિકિટ મેળવવા માટેની સ્પર્ધામાં છે. ડિસેમ્બરમાં ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે ત્યારે પક્ષની ટિકિટ મેળવવા માટે સૂરતના કાઉન્સિલરો ઇચ્છુક દેખાઈ રહ્યા છે. સૂરત મ્યુનિસિપલ કોર્પોરેશનમાં બે અવધિ માટે ચૂંટાઈ આવેલા ઘણા બધા કાઉન્સિલરો ઉત્સુક દેખાઈ રહ્યા છે. અત્રે ઉલ્લેખનિય છે કે ભાજપ નિરિક્ષકોની ટીમે હાલમાં જ સૂરત શહેરની મુલાકાત લીધી હતી આ ગાળા દરમિયાન શાસક ભાજપ સાથે સંકળાયેલા ૫૫થી વધુ મ્યુનિસિપલ કાઉન્સિલરો તરફથી તેમની રજુઆત કરવામાં આવી હતી. જો કે પક્ષના આંતરિક સૂત્રોનું કહેવું છે કે ભાજપની ટોચની નેતાગીરી કાઉન્સિલરોને ટિકિટ આપવાના મૂડમાં દેખાઈ રહી નથી. કોઈ ખાસ કેસમાં જ માત્ર એક કાઉન્સિલરને ટિકિટ આપવાની વિચારણા કરવામાં આવશે. ભાજપ અને કોંગ્રેસ બંને દ્વારા હાલમાં ઉમેદવારોની પસંદગીને લઈને ચર્ચા વિચારણાનો દોર ચાલી રહ્યો છે. આવી સ્થિતિમાં કાઉન્સિલરો દ્વારા જોરદાર લોબી શરૂ થઈ ગઈ છે. બીજીબાજુ ચૂંટણી ખર્ચમાં પાર્ટ ટાઈમ શિક્ષકોને ગોઠવવાની ગણતરી પણ ચાલી રહી છે. આ સંબંધમાં વરિષ્ઠ લોકો દ્વારા રજુઆત પણ કરવામાં આવી છે. અંતિમ નિર્ણય ટૂંક સમયમાં જ લેવામાં આવી શકે છે. શિક્ષણ શાસ્ત્રીઓનું કહેવું છે કે સ્કૂલ અને કોલેજોમાં શિક્ષકોને ઇલેક્શન ઓર્ડરો મળવા લાગી ગયા છે. ચૂંટણી સંબંધિત ટ્રેનીંગ માટે ટૂંક સમયમાં જ બોલાવવામાં આવશે. આ વખતે અંતિમ ઓર્ડર મતદાનના ૪૮ કલાક પહેલા જ જારી થશે.

### રાજ્યમાં કુલ દસ હજાર જેટલા આસપાસ કિન્નરો

## ગુજરાતભરમાં અન્ય જાતિ કેટેગરીમાં ૧૭૬ની નોંધણી

### ઓ ફેક્ટરની પણ ચૂંટણીમાં મહત્વની ભૂમિકા હોઈ શકે

અમદાવાદ,તા. ૪

ગુજરાત વિધાનસભાની ચૂંટણી આડે ગણતરીના દિવસો છે ત્યારે વધુના વધુ મતદાન થાય તેની ખાતરી કરવા ચૂંટણી પંચે તમામ પગલા લઈ લીધા છે. જેના ભાગરૂપે પુરૂષ અને મહિલા મતદારોની સાથે સાથે એવા મતદારોને પણ ઓળખી કાઢ્યા છે જેની એક અલગ કોલમ બનાવી લેવામાં આવી છે. વસ્તી ગણતરી સાથે સંબંધિત અધિકારીઓનું કહેવું છે કે ગુજરાતમાં અન્ય કેટેગરી અથવા તો ઓ ફેક્ટર હેઠળ ૧૬૦૦ લોકોની નોંધણી કરવામાં આવી છે. ઈતિહાસમાં પ્રથમ વખત ચૂંટણી પંચે મતદાર યાદી સુધારણાની ફોર્મેટમાં સુધારો કર્યો છે. અને એક અલગ કોલમ ઉમેરવામાં આવી છે જેમાં મતદારોને તેમની જાતિ અંગે વાત કરવી પડશે. પુરૂષ અથવા મહિલા તરીકે નોંધણી નહીં હોવાની સ્થિતિમાં અન્ય તરીકે નોંધણી થશે. આ કોલમ અધર્સ તરીકેની અથવા તો અન્ય તરીકેની રહેશે. ગુજરાતમાં અન્ય જાતિ કેટેગરીના વર્ગમાં ૧૭૬ લોકોની નોંધણી કરવામાં આવી છે. અમદાવાદમાં માત્ર સાત ટ્રાન્સસેક્યુઅલ અથવા તો કિન્નરોએ ઓ કેટેગરીમાં નોંધણી કરાવી છે. રાજ્યમાં કુલ ૧૭૬ મતદારો એવા છે જે આ કેટેગરીમાં તેમની નોંધણી કરાવી ચૂક્યા છે. આ વખતે ટ્રાન્સ જેન્ડર સમુદાયનો પણ સંપર્ક કરવામાં આવ્યો છે. રાજ્યમાં કુલ કિન્નરોની સંખ્યા અંદાજિત ૧૦૦૦૦ની આસપાસ છે. વડોદરામાં વર્ષોથી આ વર્ગના લોકોની સંખ્યાની નોંધ લેવામાં આવી છે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જારી કરવામાં આવેલા વસ્તીના આંકડાઓ મુજબ ૧૨૫ લોકો એવા છે જે શહેરમાં અન્ય જાતિ વર્ગમાં આવે છે. અખાડાના તમામ સભ્યોની વતા વારંવાર સતત ઉઠતી રહે છે. વસ્તી ગણતરી અધિકારીનું કહેવું છે કે ગુજરાતમાં અધર્સ કેટેગરીમાં ૧૬૦૦ની નોંધણી કરવામાં આવી છે. એક અગ્રણી અંગ્રેજી અખબારમાં આ મુજબનો અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યો હતો. આંકડાને લઈને ભારે અસમંજસની સ્થિતિ પ્રવર્તી રહી છે. બારનપુરામાં અખાડાના સૌથી વરિષ્ઠ સભ્યો પૈકીના એક એવા આશામાસીનું કહેવું છે કે અખાડાના લગભગ તમામ સભ્યો મતદારો છે. અમે આશરે ૧૫૦ મતદારો છીએ. અમારી પાસે ચૂંટણી ઓળખપત્ર પણ છે. અમે મોટાભાગે નિરક્ષર લોકો છીએ. અમારી નોંધણી કિન્નરો તરીકે થયેલી છે. અમારી પાસે વહીવટી અધિકારીએ અમારા માટે કઈ કેટેગરીની નોંધણી કરાવી રહ્યા છે તે અંગેની માહિતી નથી.

## મતદારોનું ચિત્ર.....

અમદાવાદ,તા.૪

વિધાનસભાની ચૂંટણીમાં પ્રથમ વખત ચૂંટણી પંચે મતદાર યાદી સુધારણાની ફોર્મેટ બદલી નાંખી છે જેમાં આ વખતે અન્ય તરીકે તેમની જાતિની નોંધણી કરવા પણ એક કોલમનો ઉમેરો કર્યો છે. આંકડા નીચે મુજબ છે.

| મત ક્ષેત્ર | પુરૂષ | મહિલા | અન્ય | કુલ |
|---|---|---|---|---|
| ખંભાળિયા | ૧૨૦૨૬૦ | ૧૦૮૭૩૯ | ૧૨૨૩૦૦૧૧ | |
| નવસારી | ૧૦૬૧૫૩ | ૧૦૧૮૯૬ | ૧૧૨૦૮૦૬૦ | |
| બેચરાજી | ૧૦૪૮૧૫ | ૯૭૩૨૮ | ૧૦૨૦૨૧૫૩ | |
| સયાજીગંજ | ૧૨૦૭૪૪ | ૧૧૧૯૦૫ | ૦૯૨૩૨૬૪૯ | |
| ભાવનગર(૫) | ૧૦૬૮૭૦ | ૯૫૮૫૩ | ૦૭૨૦૨૭૩૦ | |
| લીંબાયત | ૧૨૪૫૨૬ | ૯૩૪૭૮ | ૦૭૨૧૮૦૧૧ | |
| કડી | ૧૧૭૬૦૯ | ૧૦૮૦૭૨ | ૦૬૨૨૫૬૮૭ | |
| વિજાપુર | ૯૭૨૬૦ | ૯૧૬૨૪ | ૦૬૧૮૮૮૯૦ | |
| જેતપુર | ૧૨૦૭૬૦ | ૧૦૭૧૫૪ | ૦૬૨૨૭૯૨૦ | |
| માણાવદર | ૧૧૪૯૫૪ | ૧૦૨૪૦૫ | ૦૬૨૧૭૩૬૫ | |
| નડિયાદ | ૧૧૩૭૧૭ | ૧૦૮૦૨૭ | ૦૬૨૨૧૭૫૦ | |
| ઉધના | ૧૨૨૬૪૦ | ૮૪૦૩૮ | ૦૬૨૦૬૬૬૪ | |

### ભાજપ પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા દ્વિધા દિવસે

## અમદાવાદ-સાબરકાંઠા સીટ માટે દાવેદારોની સમીક્ષા થશે

અમદાવાદ, તા. ૪

ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે ભાજપ પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા પસંદગીની કવાયત ચાલી રહી છે. આવતીકાલ તા.૫મી નવેમ્બરે સાબરકાંઠાની-૫, અમદાવાદ જિલ્લાની-૫ અને અમદાવાદ શહેરની ૧૬ મળી કુલ ૨૮ બેઠકોની પસંદગી માટે સમીક્ષા કરવામાં આવશે.

સૂત્રોના જણાવ્યા મુજબ ભાજપ પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા આવતીકાલ સોમવારે સાબરકાંઠાની ૭ માંથી ૫ બેઠકોની સમીક્ષા હાથ ધરાશે. સાબરકાંઠાની ૮ બેઠકો હતી પણ નવા સીમાંકનમાં ઘટીને ૭ બેઠકો થઈ છે જેમાં મેઘરજનો મત વિસ્તાર ભીલોડામાં અને માલપુરનો મત વિસ્તાર બાટડમાં મર્જ થયો છે ઈડરમાં અનુજાતિની અનામત બેઠક પર મંત્રી રમણલાલ વોરાનું નામ નક્કી છે જ્યારે હિંમતનગરની બેઠક પરથી મંત્રી પ્રફુલ્લ પટેલનું નામ પણ નક્કી કરી દેવાયું છે બાકીની પાંચ બેઠકોમાં મોડાસાની બેઠક પરથી ભાજપના ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, જિલ્લા ભાજપના અગ્રણી પ્રભુદાસ પટેલ અને ભિખુસિંહ પરમારના નામ ચર્ચામાં છે. મોડાસાની બેઠક પર ક્ષત્રિય મતદારો ૬૫૦૦૦ જેટલા છે જ્યારે પટેલ મતદારો ૪૫૦૦૦ જેટલાં છે.

આ ઉપરાંત પ્રાંતિજ અને બાયડની બેઠક પર પણ ક્ષત્રિય મતદારોનો પ્રભાવ હોવાથી ક્ષત્રિય ઉમેદવારોને જ ટિકિટ આપે તેમ લાગે છે જ્યારે ભીલોડા અને ખેડબ્રહ્માની બેઠકો અનુ.જનજાતિ માટે અનામત છે અને આ બન્ને કોંગ્રેસ પાસે છે. અમદાવાદ જિલ્લામાં પણ પાંચ બેઠકો માટે ભાજપમાં જ દાવેદારોની સંખ્યા વધુ છે સાણંદ-વિરમગામ, દસ્ક્રોઈ, ધંધુકાની બેઠકો માટેની સમીક્ષા હાથ ધરવામાં આવશે. ધંધુકાની બેઠક પર કોળી-પટેલ જ્ઞાતિના ઉમેદવારની પસંદગી કરવામાં આવે તેવી શક્યતા છે. ધોળકાની બેઠક પરથી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાનું નામ નક્કી હોવાથી સાણંદની બેઠક પરથી ક્ષત્રિય ઉમેદવાર ઊભા રાખવા કે કેમ તે અંગે ભાજપ કમાન્ડમાં મતમતાંતરો ઊભા થયા છે કારણકે, સાણંદની બેઠક પર કનભા ગોહિલ સબળ દાવેદાર ગણાય છે. જ્યારે સાણંદના ક્ષત્રિય અને ઠાકોર સમાજે પણ દાવો કર્યો છે દસ્ક્રોઈ અને વિરમગામની બેઠક પર માંડલના ધારાસભ્ય પ્રાગજી પટેલ અને બાબુ જમના પટેલ સબળ દાવેદાર ગણાય છે. અમદાવાદ શહેરની વાત કરીએ તો નરોડા અને નિકોલની બેઠક માટે ઉમેદવારોની પસંદગી ભાજપ પાર્લામેન્ટ્રી બોર્ડ માટે માથાના દુખાવારૂપ બને તેવી શક્યતા છે કારણકે બન્ને બેઠકોમાં ૧૫-૧૫ જેટલા દાવેદારોએ ટિકીટ મેળવવા એડીચોટીનું જોર લગાવ્યું છે.

### બેઠકમાં મથામણ.....

- ઈડરની અનુજાતિની બેઠક માટે રમણલાલ વોરા અને હિંમતનગરની બેઠક પર મંત્રી પ્રફુલ્લ પટેલના નામ નિશ્ચિત
- પ્રાંતિજ-બાયડ અને મોડાસામાં ટિકિટ માટે ક્ષત્રિય સમાજનું દબાણ, ચૌધરી સમાજ પણ દાવેદાર
- ભીલોડા-ખેડબ્રહ્માની બે બેઠકો કોંગ્રેસ પાસેથી આંચકી લેવા સક્ષમ ઉમેદવારો પસંદ કરાશે
- ધોળકામાં ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાનું નામ નક્કી થયું હોવાથી સાણંદની બેઠક ઠાકોર સમાજને, ધંધુકા-વિરમગામ-કોળી સમાજને અને દસ્ક્રોઈની બેઠક પર પટેલ સમાજના ઉમેદવારોને પસંદ કરાય એવી શક્યતા

## ભાજપ યુવા મોરચા દ્વારા રવિવારે ૯૦૦ જેટલાં સ્થાનો પર યુવા સંમેલનો યોજાયાં

અમદાવાદ, તા. ૪

ગુજરાત વિધાનસભાની ૧૩ અને ૧૭ ડિસેમ્બરના રોજ યોજાનારી ચૂંટણીમાં ભ્રષ્ટાચાર અને મોંઘવારીની પ્રણેતા કોંગ્રેસને ગામે-ગામથી સાફ કરી વિકાસના પ્રતિક કમળને ખીલવવા યુવાનોને યુવા મોરચાના પ્રદેશ પ્રમુખ પ્રદિપસિંહ વાઘેલાએ આહવાન કર્યું હતું.

ભારતીય જનતા યુવા મોરચાના યુવા વિસ્તારકો ૩૧ ઓક્ટોબર સરદાર પટેલની જન્મ જયંતિથી સમગ્ર રાજ્યમાં ગામે-ગામ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે યુવાનોના વિકાસ માટે કરેલી વિકાસલક્ષી કામગીરી પહોંચાડવા અને વિકાસ વિરોધી કોંગ્રેસની વાતને ખુલી પાડવા વિસ્તારક તરીકે ભ્રમણ કરી રહ્યા હતા. આજના વિસ્તારક યોજનાના છેલ્લા દિવસે સમગ્ર રાજ્યમાં ૯૦૦ સ્થાનો પર યુવા સંમેલન યોજવામાં આવ્યા હતા.

ભારતીય જનતા પાર્ટીની સરકારે ગુજરાતના યુવાનો માટે રોજગારીના અનેક અવસરો ઉભા કર્યા છે, ઘર આંગણે અભ્યાસની તકો પુરી પાડતી એન્જીનીયરીંગ, મેડીકલ, ડેન્ટલ સહિતની શૈક્ષણિક સંસ્થાઓ ઉભી કરી છે, ૪૮૯ રોજગાર ભરતી મેળા યોજ્યા છે, સ્વામી વિવેકાનંદ યુવા રોજગાર સમાહ અંતર્ગત ૬૫ હજાર યુવાનોને રોજગારી આપી છે, ૨૨૫૦ સ્વરોજગાર શિબિર દ્વારા ૨ લાખ યુવાનોને માર્ગદર્શન આપ્યું છે. દેશમાં સર્જાતી ૧૦૦ રોજગારીમાંથી ૭૨ રોજગારી ગુજરાતની સરકારે સર્જી એક ઐતિહાસિક અને યુવાનોના સ્વપ્નાને સાકાર કરવાનું કામ કર્યું છે. તેમણે જણાવ્યું છે કે કેન્દ્રની કોંગ્રેસ સરકારે ૧ કરોડ રોજગારીનું વચન આપ્યું હતું જેને સફળ કરવામાં સરકાર નિષ્ફળ નિવડી છે જ્યારે ગુજરાત સરકારે વિકાસની અનેક દિશાઓ યુવાનો માટે ખોલી છે.

### ભારત સરકારના આરોગ્ય સચિવપદે પણ રહી ચૂક્યા હતા

## મુખ્યમંત્રીપદ સંભાળતા પહેલાં ડો. જીવરાજ મહેતા મહાદ્વિભાષી મુંબઈ રાજયના નાણામંત્રી હતા

### તેઓ વ્યવસાયે ડોક્ટર હતા અને સ્વાતંત્ર્ય સંગ્રામમાં જોડાયા પહેલાં તેઓ વડોદરા જિલ્લાના ચીફ મેડીકલ ઓફિસર તરીકે ફરજ બજાવતાં હતા

**॥ ચોથો મણકો ॥**

ગુજરાતમાં મુખ્યમંત્રીપદ સંભાળતા પહેલાં ડો.જીવરાજ મહેતા મહાદ્વિભાષી મુંબઈ રાજયના નાણામંત્રી હતા. તેઓ વ્યવસાયે ડોક્ટર હતા અને સ્વાતંત્ર્ય સંગ્રામમાં જોડાયા પહેલાં તેઓ વડોદરા જિલ્લાના ચીફ મેડીકલ ઓફિસર તરીકે ફરજ બજાવતાં હતા તેમજ મુંબઈની

કે.ઈ.એમ.હોસ્પિટલના -થમ ભારતીય ડીન હતા. ૧૯૪૭માં તેઓ ભારત સરકારના આરોગ્ય સચિવપદે પણ રહી ચૂક્યા હતા.

તેઓ એક કુશળ વહીવટકર્તા હતા. ૧૯૬૨માં સામાન્ય ચૂંટણીઓ થતાં દેશમાં કોંગ્રેસ પક્ષ દ્વારાઁ કામરાજ પ્લાન હેઠળ તેઓને બીજી મુદત માટે ગુજરાતના મુખ્યમંત્રી નહી બનાવવા જોઈએ તેવો પક્ષના સભ્યોનો આગ્રહ હતો પરંતુ ૧૯૬૨ની વિધાનસભાની ચૂંટણીમાં મુખ્યમંત્રીપદના સંભવિત ઉમેદવારો બળવંતરાય મહેતા, ઠાકોરભાઈ દેસાઈ અને બાબુભાઈ જશભાઈ પટેલ વગેરેની હાર થતાં ડો.જીવરાજ મહેતાને મુખ્યમંત્રી તરીકે સ્વિકારવા પડ્યા હતા અને આમ તેઓ ૧૯૬૨માં બીજી મુદત માટે મુખ્યમંત્રી ચૂંટાયા હતા. ડો.જીવરાજ મહેતાના મંત્રીમંડળમાં રસિકભાઈ પરીખ, રતુભાઈ અદાણી, હિતેન્દ્ર દેસાઈ વગેરે કુશળ મંત્રીઓ હતા. ડો.જીવરાજ મહેતાની મુખ્યમંત્રીપદની બીજી મુદતની શરૂઆતથી જ તેમના સાથીદારો તેમજ અન્ય કોંગ્રેસીઓ વિરોધ કરતા હતા.

આ વિરોધને નહી ગણકારતાં, ડો.જીવરાજ મહેતાને મુખ્યમંત્રી પદેથી દૂર કરવા માટે કોંગ્રેસના સભ્યોએ પક્ષમાં જ રહીને ડો.જીવરાજ મહેતાને હટાવવા માટે ઝૂંબેશ ઉપાડી હતી. કોંગ્રેસ -મુખ ત્રિભોવનદાસ પટેલ અન તેમના સાથીદારોએ ડો.જીવરાજ મહેતાને મુખ્ય મંત્રીપદેથી હટાવવા માટે ઉગ્ર ચળવળ કરી હતી, પરિણામે કોંગ્રેસ હાઈકમાન્ડે સાદીક અલીને કોંગ્રેસ પક્ષના સભ્યોની રજૂઆતો સાંભળવા માટે ગુજરાત મોકલ્યા હતા. આ સમયના સાક્ષી અને ગુજરાત વિધાનસભાના ભૂતપૂર્વ સચિવ લખે છે કે સાદીકઅલી બધાં સભ્યોની રજૂઆત મુખ્યમંત્રીની ચેમ્બરમાં સાંભળતા હતા ત્યારે ડો.જીવરાજ મહેતા એકલા પાંચ-છ કલાક ચેમ્બરની બહાર બેસી રજ્ઞા હતા.

આ દરમ્યાન ગુજરાતમાં વિરોધ પક્ષ દ્વારા સરકાર સમક્ષ અવિશ્વાસની દરખાસ્ત પણ લાવવામાં આવી હતી. કોંગ્રેસ પક્ષના સભ્યોએ સભાગૃહમાં આ દરખાસ્તનો વિરોધ કર્યો હતો અને આ દરખાસ્તનો પરાજય થયો હતો, પરંતુ ૧૯મી સપ્ટેમ્બર-૬ ઉના રોજ જીવરાજ મહેતાએ મુખ્યમંત્રીપદેથી રાજીનામું આપવું પડ્યું હતું.

તત્કાલિન ગુજરાત વિધાનસભાના નિયમો અનુસાર રાજયના નાણામંત્રી વિધાનસભાની અંદાજ સમિતિ તેમજ જાહેર હિસાબ સમિતિના એક્સ ઓફિશિયો -મુખ નિમાયા હતા. મુખ્યમંત્રી નાણાખાતું સંભાળતા હોવાથી આ બંને સમિતિના -મુખ તરીકે પણ તેઓએ ફરજો બજાવી હતી. મુખ્યમંત્રી જીવરાજ મહેતા પુરો સમય આ સમિતિની બેઠકમાં બેસતા. ઘણી વખત જો કોઈ અધિકારી કોઈ ખોટો જવાબ આપે તો તેઓ તાત્કાલિક તે અંગે અધિકારીને ટપારતા અને સત્ય હકીકત રજૂ કરવાની ફરજ પાડતા હતા. સમિતિની બેઠકમાં મુખ્યમંત્રી ઘણી વખત આંખો બંધ રાખી બેસતા ત્યારે તેમની ટીકાઓ થતી હતી.

**ગુજરાતની ભૂમિના રાજા**

**- ગૌતમ પુરોહિત**

એક દિવસે અંદાજ સમિતિની બેઠક હતી. તે સમયે અંદાજ સમિતિ અને જાહેર હિસાબ સમિતિની બેઠકો એકધારી ચાર-પાંચ દિવસ ૧૨ થી ૫ વાગ્યા સુધી ચાલતી હતી.

એક દિવસ અંદાજ સમિતિની બેઠક ચાલુ થઈ અને થોડા સમય બાદ વિભાગે આપેલું સાહિત્ય બરાબર નથી અને પૂરતી માહિતી નથી એમ કહીને -તાપ શાહે વાંધો લેતાં બેઠક મુલત્વી રહી હતી, દરમિયાન સલામતી ગાર્ડે આવીને જાણ કરી હતી કે બેઠક સાંજ સુધી ચાલવાની હોવાથી ગાડી બંગલે મોકલી આપી છે તેવું જણાવતાં મુખ્યમંત્રીએ કઝ્ઝું હતું કેઁ કંઈ વાંધો નહી ચાલી નાંખશુઁ. મુખ્યમંત્રીનું રહેઠાણ અમદાવાદમાં સરકીટ હાઉસ પાસે હતું અને કચેરી નવી સિવિલ હોસ્પિટલ હતી છતાં કોઈ ફિકર તેમણે કરી ન હતી. લીફ્ટને એવોઈડ કરી તેમણે ત્રીજે માળથી દાદર દ્વારા ઉતરવાનું શરૂ કર્યું હતું.

ગુજરાતના ઉચ્ચકોટીના શાસક ડો.જીવરાજ મહેતાને મોરારજી દેસાઈ સાથેના મતભેદના કારણે જવું પડ્યુ હતું પરંતુ આ બાબત વડા-ધાન જવાહરલાલ નહેરુને પસંદ ન હતી. તેઓએ અમદાવાદમાં કાંકરિયા ખાતેની સભામાં કાબેલિયતના વખાણ કરી જણાવ્યું હતું કેઁદેશ ડો.જીવરાજ મહેતા જેવા નિષ્ઠાવાન સંનિષ્ઠ કાર્યકરની સેવાથી વંચિત રહી શકે નહીઁ. થોડા સમય બાદ તેમની ઈંગ્લેન્ડ ખાતેના ભારતીય હાઈકમિંર તરીકે નિમણુંક કરી દેવામાં આવી હતી.

ગુજરાતમાં ડો.જીવરાજ મહેતાનું એક જ એવું મંત્રીમંડળ હતું જેનો વિદાય સમારંભ ગુજરાત વેપારી મહામંડળ દ્વારા યોજવામાં આવ્યો હતો. ગુજરાતના -થમ મુખ્યમંત્રી ડો. મહેતાનું ૭મી નવેમ્બર-૧૯૭૮માં અવસાન થયું હતું.

### ગુજરાત રાજયનું પહેલું મંત્રીમંડળ

પહેલી વિધાનસભા (૧૯૬૦-૧૯૬૨)
ડો.જીવરાજ મહેતા(અમરેલી)નો કાર્યકાળઃ
(૧-૫-૧૯૬૦ થી ૦૮-૩-૧૯૬૨)
(૮-૩-૧૯૬૨ થી ૧૯-૯-૧૯૬૩)
શાસનકાળના દિવસો : ૧૨૩૬
રસિકલાલ ઉમેદચંદ પરીખ, સુરેન્દ્રનગર
રતુભાઈ મુળશંકર અદાણી, જૂનાગઢ
માણેકલાલ ચુનીલાલ શાહ, અમદાવાદ
હિતેન્દ્ર કનૈયાલાલ દેસાઈ, સુરત
ે-મજી ભવાનજી ઠક્કર, કચ્છ
જશવંતલાલ સોભાગ્યચંદ શાહ, વડોદરા
છોટુભાઈ મકનજી પટેલ, ભરૂચ
બહાદુરભાઈ કુથાભાઈ પટેલ, ડાંગ
માલદેવજી માંડલિકજી ઓડેદરા, જૂનાગઢ
અકબરઅલી અમીજી જસદણવાળા, રાજકોટ
ઉર્મિલાબેન ે-મશંકર ભટ્ટ, સુરત
કમળાબેન મગનભાઈ પટેલ, ખેડા
શાંતિલાલ સ્વરૂપચંદ શાહ, બનાસકાંઠા (ક્રમશઃ)